૪૯૪૮

श्री नौतम रसीकगीतावळी

पदोनी साथे.

ભાગ ત્રીજો.

જેમાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં કીરતન તથા શ્રીમદ આચારજી માહાપ્રભુજીનાં સુંદર કીરતનો તથા શ્રી કચ્છમાંડવીની હવેલી ગારના શ્રીઠાકરોનાં કીરતનો તથા શ્રી બેટ શંખોધારનાં શ્રી દ્વારકાધીસ તથા શ્રી નીકમજીના પાટલા સમેનાં કીરતનો તથા શ્રી બેટવાળા હનુમાનજીની સ્તુતી લખી છે તથા શ્રી આચારજી માહાપ્રભુ પ્રથવી પરીક્રમા કરતા ચોરાશી બેઠકો સ્થાપી તેનાં ગામના નામથી ચોપડી રચી છે એ ચોપડી વાંચતાં મનના મનોરથો જગતકરતા ઇશ્વર શ્રી પુરણ કરશે.

પ્રગટ કરનાર.

ઠા. ત્રીકમદાસ ભીમજી ભગત.

રહેવાશી કચ્છમાંડવીવાળા. પ્રત ૫૦૦૦

કવીત.

જેશી લહેર સમુદ્રકી, તેશી ગનકી ધોળ;
કબીઆવે કબીજાત હેહ, રહે ઠોરકી ઠોર.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ"માં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યો.

~~[illegible]~~

કીમત ચાર આના.

श्री नौतम रसीक गीतावळी.

શ્રી કૃષ્ણાયનમઃ શ્રી ગોપીજન વલ્લભાયનમઃ
શ્રી આચાર્યજી મહા પ્રભુના પદો.

પદ ૧ લું.

રાગ અનજારો.

શ્રી વઠ્ઠલનાથજીના સાત કુંવરના વિસ્તાર.

શ્રી મહા પ્રભુ તુમ જગ કરનારા, પ્રભુ લીલા હે અપરં-
પારા. ટેક. દેખો ગોપીનાથ ગુણ નાગર, શ્રી વીઠલનાથ હે
ગુણ સાગરજી. તેનાં વરણું છે બહુ સારા. શ્રી મહા. ૧
શ્રી ગીરધરજી છે ગુણવંતા, શ્રી ગોવિંદરાયજી છે બહુ બં-
કાજી, તે તો જાણે છે જગ સારા. શ્રી મહા. ૨
શ્રી બાળકૃષ્ણજીની બહુ કાન્તી, શ્રી ગોકુળનાથજીએ માળા
રાખીજી, તેના ગુણ ગાએ હરીજન સારા. શ્રી મહા. ૩
હાંરે રઘુપતી રૂપ ભગવાન, જદુપતી છે સુંદર શ્યામજી,
તેના દરશન થાએ નીત ન્યારા. શ્રી મહા. ૪
પ્રભુ ઘનસ્યામ છે પુરણ કામ, જેનું વૈષ્નવ ધરે છે ધ્યાનજી,
શોભા જનમાં કમળા ગુણ સારા. શ્રી મહા. ૫
હાંરે પદ ગાય છે ત્રીકમદાસ, પ્રભુ તમને ભજ્યાની અ-
ભીલાખજી, એનું અંતઃકરણ કહે મારા. શ્રી મહા. ૭

પદ ૨ જું.

રાગ મેરેશ્રી નાથજી પ્યારે, દ્રગનસે હોજો મત ન્યારે.

મેરે શ્રી ગહા પ્રભુ પ્યારે, ભક્તનકે હો તરન તારે. ટેક.
શ્રી ગોપીનાથજી બંકા, શ્રી વીઠલનાથ બાજતા ડંકા. મેરે. ૧
હરી બળદેવ શ્રી ગોપીનાથ, વાંકે સૂત પુરૂશોત્તમ સાક્ષાત;
જાકે બેદ પુરાણે હાથ, રટે હે શીવ વીરંચીનાથ. મેરે. ૨
ગણી શ્રીકૃષ્ણ શ્રીવીઠલનાથ, હરીકે ગુણકી કહુ કયા બાત;
ઉનુકા સાત સ્વરૂપ સાક્ષાત, તાકી નીગમ ભરેહે શાખ. મેરે. ૩
નીરખી શ્રી ગીરધરકી આનની, જાકી વહુજી હે ભાંમની;
જાકો શ્રી નવનીત રખ્યોપરીવાર, શ્રીજીકીલીલા અપરમપાર. મે. ૪
ચતુર ગુણ ગોવિંદરાગ નીધાન, વહુજી રાણી રાજીના નાગ;
જીનુકું વીઠલેશ સેવાકો કામ, પ્રભુ તુમ અંખડ રહે ભગવાન મેરે.૫
કળાનીધ શ્રી બાળકૃષ્ણ બહુ અતી, જાકી વહુજી કમળાપતી;
ઉનીકે બ્રહ્મા વિશ્નુ પાસ, પ્રભુ તમો શેવે શ્રી દ્વારકાનાથ. મેરે.૬
અનેક ગુણ નીધાન ગોકુલનાથ, વહુજી પારવતી હે સાથ;
પ્રભુ ગીરધારી શેવેઆ હાથ, હરી તુમ પુરૂષોતમ સાક્ષાત. મેરે.૭
પ્રભૂ તુમ બંકે હો રઘુપતી, જાકી વહુજી જાનકી સતી;
ઉનુકું શ્રી ગોકુળચંદ્રજીકી ગતી, કીરતી બંધ પુરાણે લખી. મેરે.૮
રસીલે હરી જદુનાથ કળા નીધાન, વહુજી શ્રી મહારાણીજી નામ
હરીકુ બાળકૃષ્ણ શેવાકો કામ, પ્રભુ તુમ અવીચળ અંતરજામ.મે.૯
છોટે પ્રભુ પુરણ હે ઘનસ્યામ, તાકી વહુજી કૃષ્ણાવંતી નામ,
જાકે શ્રી મદનમોહન શેવાકો કામ, હરી તુમ પુરણ બ્રહ્મભગવાનમે. ૧૦
પ્રભુ રહો અખંડ તમારૂં નામ, જાકો વેદ કરે હે ગાન,

બન્યો હે શ્રીવલ્લભ કુળકો નામ, જેસે મીલે રામકૃષ્ણ ભગવાન. મે.૧૧
હમારા ગુરૂ પનાલાલ બંકા, જીનુકા કચ્છમે બાજે ડંકા;
ઉને સેવ્યા શ્રી નટવરલાલ બંકા,જાકે તીન લોકમે બાજે ડંકા.મે.૧૨
પ્રભૂ હમ ચરણ કમળકી પાસ, ખ્યાલ ગાએ છે ત્રીકમદાસ,
પ્રભુ હમેશ રાખો તમારી પાસ, સદા શરણકી હમકુ આશ.મે.૧૩
સંવત શ્રી ઓગણીશ બેતાલી, ફાગણ શુદ ત્રીજ ગુણવાળી,
અખંડ રહો શ્રી વલ્લભ કુળકો નામ,શેવકકુ ભક્તી દો ભગવાન.મે.૧૪

પદ ૨.

રાગ–મોહોલે પધારો મહારાજ,મણીધર મોહોલે પધારો.

આનંદે બીરાજો મહારાજ, મહા પ્રભુ તુમ આનંદે બીરાજો,
વૈશ્નવ જુવે છે વાટ, શ્રી મહા પ્રભુ તમો આનંદે બીરાજો.
સાખી–શ્રી ગોપીનાથ સોહામણા, શ્રી વીઠલ ચતુર સુજાણ,
સૌ વૈશ્નવ દરશણ આવજો, તેને મળશે પ્રભુ ભગાવન. શ્રીમહા.૧
શ્રીકૃષ્ણ વીઠલ રળીઆમણા, સુત ગીરધર છે નામ,
મનવાંછીત ફળ આપશે, તમો જાણો વૈશ્નવ નીરવાણ. શ્રીમહા.૨
શ્રી ગોવીંદરાયજી શોભીતા, શેવ્યા શ્રી વીઠલેશ રાય,
તેના દરશણ જે કરે, તેના ભવના પ્રાયશ્ચિત જાય. શ્રીમહા. ૩
શ્રી બાળકૃષ્ણજી છેલડે, શેવ્યા શ્રી દ્વારકા નાથ,
સહુ વૈશ્નવપર કીરપા કરે,એતો શરણે લે છે આપો આપ. શ્રી. ૪
શ્રી ગોકુળ દીનદયાળ છે, મનવાંછીત ફળ થાય,
તેના દરશણ જો કરે, તેને આનંદ ઓર ન સમાએ. શ્રીમહા.૫
શ્રી રઘુપતી દીન કૃપાળ છે, પોતે પરમ રસાળ,

જે વૈશ્નવ એને ભજે, તેને કરૂણાથી કરે છે ન્યાલ. શ્રીમહા. ૬
શ્રી જદુપતી જુગતેજ છે, મુખ જોતાં દુઃખ જાય,
શ્રી બાલકૃષ્ણથી પ્રીત છે, એના ગુણરે બ્રહ્મા વીષ્ણુ ગાય.શ્રી. ૭
શ્રી ઘનસ્યામજી ગુરૂ આપ છે, વૈશ્નવ તે હેઠે નાગ,
કહે ત્રીકમ કરશન સુણો, તે તો સરવે ધરજો ધ્યાન શ્રીમહા.૮

પદ ૪ થું.

પ્રાગટનું ધોળ.

શ્રી વલ્લભ ગુણ ગાવું રે કે આનંદ પ્રેમ ભરી, શ્રી હરીના મુખથી રે કે પ્રગટે આ દેહ ધરી, તે લગ કુળ મંડળરે કે શ્રી લક્ષમણ તાત શઇ, શેશ નાગ સરીખારે કે જેને માથે સહસ્ત્ર ફણી, તેતો પાર ન પામેરે કે લીલા રસ સીંધુ તણી, અગ્ની કુળ પ્રગટયાં રે કે શ્રી વલ્લભ નાથ ધણી, અગની મધે રમતાં રે કે માતાજીએ દીઠા જ્યારે, એ સુત છે મારારે કે ધાઈને આવ્યા ત્યારે, અગ્નીએ મારગ દીધારે કે માતાજીને આવ્યાં જાણી, બેહુકર સાહનેરે કે કુંવરને લીધા તેડી, દેવના દુંદુભી વાગ્યાંરે કે ચોદેશ લાગી જડી, અમરાપતી જુવેરે કે રતન વીમાન ચડી; સુરવીનતાજી આવ્યાંરે કે જોવાને આતે સરવે મળી, અંજલી ભરી ભરીરે કે વરખે છે પુષ્પકળી; ફરી વ્રજ પ્રગટ્યારે કે વ્રજવર રૂપ ધરી, એ શોભા જોઈનેરે કે કહે હરીદાસ વરી; વ્રજમાં વાસ હોજોરે કે વીનતી ચીત ધરી,

શ્રી વલ્લભ ગુણ ગાવું રે ક આનંદ પ્રેમ ભરી. ઈતિ શ્રી આચાર્યજી મહા પ્રભુજીના કીરતનો સંપૂર્ણ.

અથ શ્રી કચ્છમાંડવી શંકરની હવેલીના પદ લખ્યાં છે.

પદ ૯ મુ.

રાગ—મારા મદન ગોહનજી લાલ તમશું લેહે લાગી.

શ્રી નટવરલાલ દયાળ. તમશું લેહે લાગી,
ગાવું રે તમ ઉપર ઘણું વાહાલ, ભવની ભે ભાગી. ૧
હું ચરણ કમળનો દાસ, ચીત ચરણે રાખો;
મને આપો શ્રી વ્રજમાં વાસ, સુખ સંપ ન દાખો. ૨
મારા પ્રાણ તણા આધાર, અળગા રેહેશો નહી;
હરી હોર હૈયાના હાર, કોઈને કેહેશો નહી. ૩
મારા કુટુંબ સહીત દરશન, તમારા કીધાં;
વાહાલા તમે મટાડયા તાપ, દરશન બહુ દીધાં. ૪
મારી વીનતી સાંભળો નાથ, તો તમને કહીએ,
મને આપો શ્રી વ્રજમાં વાસ, તો શરણે રહીએ. ૫
નાહીએ જળ જમુનાની નીર, દરશન નીત કરીએ;
એમ કહે છે હરીના દાસ. ભવો ભવ તરીએ.

પદ ૬ ઠું.

રાગ—શ્રી નાથજી તો છેલ બીરાજતા જો,

શ્રી નટવરલાલજી તે છેલ બીરાજતા જો,

એને પાસે શ્રી ઘનસ્યામ લાલ ગાજતાજો. ટેક.
સખી ચાલો તો જઈએ માંડવી શહેરમાં જો. શ્રી નટવર
લાલજી બીરાજે લીલા લહેરમાં જો. શ્રી નટ ૨
શ્રી મદન મોહન રાયજી છે બહુ શોભીતા જો, શ્રી બાળ
કૃષ્ણુજીની ઝાંખી મન લોભીતાજો. શ્રી નટ. ૩
શ્રી નાનડીઆ રાયજીની કાન્તીએ મન ભીંજતા જો,
શ્રી દાણી રાયજીના દરશણુથી મન રીજતાં જો. શ્રી નટ.૪
શ્રી ધીંધડમલની લીલાના વરણુવ કીધાં જો,
શ્રી ગોવાલબાળની મંડલીએ દરશણુ દીધાં જો. શ્રી નટ.૫
શ્રી રણુછોડ રાયજીની બેટકે મન હર્યાં જો,
દરશન કરીને વૈશ્નવ આનંદ ભર્યાં જો. શ્રી નટ. ૬
શ્રી છોટાલાલ શ્રી પનાલાલની બેઠકે ગયા જો,
ત્યાં શાકપાન ફુલ નાગર ભર્યાંજો. શ્રી નટ.
ઈચ્છે ધામ માંડવીમાં બહુ શોભીતું જો,
તેના દરશનથી મનડું મારૂં લોભીતું જો. શ્રી નટ. ૭
જેને એ પદ ગાયો છે પ્રીતથીજો.
તેને પ્રસન થયા છે જગદીશજી જો. શ્રી નટ. ૮

પદ ૮ મું.

રાગ—ધનં શ્રી જીદુ ચાર શેહેરમાં ગાવો.

ધન્ય કચ્છમાંડવી શેહેર, વાલે વસે નટવર મણીરે. ધ.
શ્રી બાળકૃષ્ણુ લાલની શોભા ઘણીરે. ધન્ય. ૨

હાંરે વાલા મંગળાના દરશણ થાય છેરે. ધન્ય. ૩
ત્યાં આખ્યાન નવ બોલાય છેરે. ધન્ય. ૪
વાલા શીંગારે તે પ્રભુજી સુહાય છેરે. ધન્ય. ૫
શ્રી મદન મોહનજીની ઝાંખી નીત થાય છેરે. ધન્ય. ૬
ત્યાં ગોવાળ રાજભોગ વળી થાય છેરે. ધન્ય. ૭
શ્રી નાનડીઆજીની ઝાંખીઓ મોહાય છેરે. ધન્ય. ૮
ત્યાં ઉથાપનની ઝાંખી નીત થાય છેરે. ધન્ય. ૯
વળી નાનજી મુખીઆને હેલા જાય છેરે. ધન્ય. ૧૦
ત્યાં ભોગમાં ભીડ ભરાય છેરે. ધન્ય. ૧૧
ત્યાં દાણી રાયજીના દરશણ થાય છેરે. ધન્ય ૧૨
સંજા સમેની આરતી નીત થાય છેરે. ધન્ય. ૧૩
ત્યાં સરવેના મન હરખાય છેરે. ધન્ય. ૧૪
વળી શેન દરશન દેત ત્યાં સુહાય છેરે. ધન્ય. ૧૫
પ્રભુ કીરતન કરયાથી પ્રશન થાય છેરે. ધન્ય. ૧૬
ત્યાં ગુણ શ્રી ઘનસ્યામના ગવાય છેરે. ધન્ય. ૧૭
પદ બોલતા મનોરથ સિદ્ધ થાય છેરે. ધન્ય. ૧૮
વળી ત્રીકમદાસ નીત ગાય છેરે. ધન્ય. ૧૯

પદ ૮ મું.

રાગ—વાંકા શ્રી ગોરધનલાલજી માહારાજા.

શ્રી નટવરલાલ તારો લટકો જોઈ, મને ચટકી લાગી પ્રેમ તણીરે,
શ્રી મદન મોહનજી તમારો લટકો જોઇ, મને ચટકી લાગી પ્રેમતણીરે

લટપટી પાગ કેસરીઆ વાગા. જડાવ તીલકની શોભા બનીરે. શ્રી.
રશીક કુંડળ લોલક લટકે, જડાવ જડયા છે હીરા મણીરે. શ્રી.
બાંહે બાજુ બંધ બેરખા સોઈએ, જડાવ પોચીની શો ભાઘણીરે. શ્રી.
પાસે બાળકૃષ્ણ શોભેછે પ્યારે, શ્રી નાનડીઆજીની શોભા ઘણીરે. શ્રી.
વૃંદાવનની કુંજ ગલનમે, જુગ જુગ રહીઓએ જોડીરે. શ્રી.
શ્રી જુમનાની તીરે ધેનુ ચરાવે, બનશી બજાવે વાલો કદમ ચડીરે. શ્રી.
સુરદાસ પ્રભુ તુંમારે મીલનકું, શ્રી ગાંડવીતણા શ્રી ઘનસ્યામ મણીરે

આ શ્રી બળદેવજીની હવેલીવાળા શ્રી બાળકૃષ્ણ-
લાલના પદ લખ્યા છે.

પદ ૧ મું.

રાગ—છબીલા છબી જોઉ તારીરે.

બાળ કૃષ્ણલાલ બાળ લીલા તારીરે,
રહયું મન મારૂ મોહી મારીરે. બાળ. ૧
વાંકી કરૂણા દ્રષ્ટી તારીરે, મનોહર મુખપર જાઉ વારીરે. બા. ૨
મોરલી અધર ધરી ઓપીરે, વગાડી વાલે વશ કીધાં ગોપીરે બા. ૩
જાણું જે શ્રી વૃંદ્રાવન જાઉરે, ફુલના માતળીઆના સાઉરે. બા. ૪
જાણું જે હવે શીપેરે થાશેરે, જોયાવિના જીવલડો જાશેરે. બા. ૫
સ્નેહ એવા શાગારે કીધારે, અમારા ચીતડાં ચોરી લીધારે. બા. ૬
ભુખે મને ભોજન નવ ભાવેરે, દરશનથી મન આનંદ થાવેરે. બા. ૭
સાંજે હું તો ગાવલડી હોતીરે, વાલાજીની વાટલડી જોતીરે ૮

મારે ઘેર આવોને હેલીરે, પ્રભુ જોવાને થઈ ઘેલીરે. ૯
બલભના સ્વામીછે રંગીયારે, હમારા રૂદીઆમાં વશીયારે. બા. ૧૦

પદ ૧૦ મું.

રાગ—શ્રી નાથજી તે છેલ બીરાજતાજો.

શ્રી બાળકૃષ્ણજી છેલ બીરાજતાજો, કે એને માથે શ્રી વ-
લભકુળ ગાજતાજો. શ્રી બાળ૦ ૧
સખી ચાલોતો જઈએ માંડવી શેહેરમાંજો, શ્રી બાળ કૃષ્ણ-
જી બીરાજે લીલા લેહેરમાંજો. શ્રી બાળ૦ ૨
પેહેલા દરશન તે મંગળાનાં હરખનાંજો, શ્રી બાળ કૃષ્ણ-
જીના સ્વરૂપ નઈણે નીરખના જો. શ્રી બાળ૦ ૩
બીજા દરશણમાં શણગાર વાલે બહુ ધરયાં જો, કે મારા
પ્રભુજીની નંખીએ મન હરયાં જો. શ્રી બાળ૦ ૪
કે ત્રીજા દરશણ તે ગોવાળ બાળખેલનાં જો, કે મુખે મુ-
રલીને છડી લીધી છેલમાં જો. શ્રી બાળ૦ ૫
કે ચોથે દરશન તે રૂડી રાજભોગનાજો. વીવીધ ભાતની સા-
મગ્રી શંજોગમાં જો. શ્રી બાળ૦ ૬
પાંચમા દરશણ તે ઉથાપનનાં સાંભરમાં જો, કે શંખ વા-
ગેને વૈશ્નવ ઉતાવળા જો. શ્રી બાળ૦ ૭
છઠા દરશન તે ભોગ સંજોગનાં જો, વીધ વીધ મેવા ધ-
રયા ઉમંગમાં જો. શ્રી બાળ૦ ૮
સાતમા દરશન તે આરતીના મન હરયાં જો, બીડ બારી-

ને વૈશ્નવ ખહુ મલ્યા જો. શ્રી બાળ૦ ૯
આઠગા દરશણુ તેં સેન કરયાં શ્રી હરીજો, દરશન કરી-
ને દીઠાગાં છે ખુશી ઘણીજો. શ્રી બાળ. ૧૦
કે મુખ્ય અધીકારીને* વીશ્રામે શેવા કરીજો, કે બ્રાહ્મણુ
મંગળજીને માલામાં પ્રીતી ઘણીજો. શ્રી બાળ૦ ૧૧
એ કોઇ ગાય શીખેને સાંભળેજો, તેનો ચરણુ કમળગાં
વાસ છેજો. શ્રી બાળ૦ ૧૨
એમના દરશન થકી સુખ થાય છેજો, દાસ ભગત પ્રભુ-
ના ગુણુ ગાય છેજો, શ્રી બાળ૦ ૧૩

પદ ૧૧ મું.

રાગ—જે જે લાલ ગોરધન ધારી સુંદર રૂડુ નાગજી.

જેજે બાળકૃષ્ણુ સુખકારી, સુંદર રૂડા નાગજી,
શ્રી પુરૂશોતગ પ્રગટયા હો વાસુ, શ્રી બાળ કૃષ્ણુરૂપ નીધાનજી.
વૃજ સુંદરીના પ્રાણુજીવનછો, શેવકના પ્રાણુ આધારજી,
તેડે મળી સરવે સુંદરીને, સોળ કીધા સણુગારજી. જે. ૨
બત્રીસગાં એકે નહી ઓછો, સોળકળા મુખચંદજી;
થાળ ભરી શગ મોતી અને, વધાવો શ્રી વલ્લભ રાયજી. જે. ૩
ધાવીને વળી શ્રીમુખ નીરખો, પ્રાયશ્ચિત અળગા થાઓજી,
પ્રેમ સુધારસ પીઓરે પદ્મની, હળીમળી મંગળ ગાઓજી.જેજે.૪
શ્રી બાળકૃષ્ણુ લાલ જોવાને જઇએ, તો ભવસાગર તરીએજી,

---

* ભંડારીનું નામ છે.

અનેક દેવ ઉપાસન કરીને, શ્રી બાળકૃષ્ણલાલને ભજીએજી. જેજે ૫
તન મન ધન સમરપણ કરીને, વૈશ્નવને અનુસરીએજી;
માધવદાસ તો એટલું ગાએ છે, શ્રી ગોકુળમાં અવતરીએજી. જે. ૬

પદ ૧૨ મું.

રાગ—શ્રી ગોકુળ સાસરીએ જાવું.

બીરાજ્યા શ્રી બાળકૃષ્ણ લાલ મોરા, જેના દરશન કરવા આવે
એોરા. બીરાજ્યા. ૧
માંડવી છે રંગ તણી લેહેરી, બીરાજે છે બાળકૃશ્નલાલ લેહેરી,
ખેલું જઇને પ્રીતગથી પેહેલી, બીરાજ્યા. ૨
દરશન થાય બાળકૃશ્નજીના હરખે, આરતી ઉતારે મુખીઆ લટકે;
હરખી નીરખી મનડું મારૂં હરખે. બીરાજ્યા. ૩
અદભૂત રંગ લેહેરનો છે ભારી, જેને સેવા જઈ કરો નરને નારી;
જાઉ શ્રી બાળકૃશ્નજીના દરશન દાડી. બીરાજ્યા. ૪
શ્રી બાળકૃશ્નજીની કીરતી છે સારી, મહીમા જેની દીન દીન બહુ ભારી
મંદીર સોભે આણંદ મંગળ કારી. બીરાજ્યા. ૫
સોભે છે સોનેરી ને પટકે, દસ્યાં મન ભ્રકુટી તણે લટકે;
દરશન થાયે કાંન્તીના ભપકે. બીરાજ્યા. ૬
સખી મારે એ પ્રભુજી રૂડો, આશા સૌ વૈશ્નવની પુરો;
દરશણ કરતાં ભક્તોના મન ફુલો. બીરાજ્યા. ૭

અથ શ્રી મદન મોહનજી જુગલ જોડીનાં પદ લખ્યાં.

પદ ૧૩ મું.

રાગ—ગોકુલીઓ મુકીને ક્યાં જઈએ નહી.

શ્રીમદન મોહનલાલ મુકીને કીહાં જઈએ નહી, વાસો વસીએ ચ-
રણ કમળની છાંયજો, શ્રી જમનાજીના સુંદર ત્રઠ રળીઆમણાંરે,
જ્યાં મારા વાલાજીના પરમ રમણ સુખ ધામજો. શ્રી મ. ૧
હવેલીએ જાતાં આનંદ સાગર ઉલટયો, સુખ સાગરમાં શ્રી
સ્વામીજી છે દયાલજો, પોરીએ જાતાં સુંદર બેઠક શો-
ભતી, સદા બીરાજે શ્રીવલભ પ્રાણ આધારજો. શ્રી મ. ૨
શ્રી સ્વામીજી જુગલ જોડીએ રમી રહ્યા, ચરણ પર-
સવા શ્રી ગોકુલ અષ્ટ રીધાનજો, શ્રી ગીર ગોવરધન ર-
તન ખચીત સોહાગણા જ્યાં મારા વાલાજીના પરમ રમણ
સુખ ધામજો. શ્રી મદન. ૩
આનંદ મંગળ મંદીર જાતાં ઉલટયો, રાશ રમણમાં ખે-
લે શ્રી નંદ કુમારજો: આ નયણે શ્રી મદન મોહનજી ની-
રખ્યા સહી, એ નયણાના ભાગતણો નહી પારજો. શ્રી મ. ૪
ફુલગરમી તો કીરતન થાએ સોહામણાં, પ્રભુ પાસે બીડ
તણો નહી પારજો; જુગલ જોડીના દરશન કરતા સહુ જા-
તા, ત્યાં મારો વાલો દરશનથી દે માનજો. શ્રી મ. ૫
જગ મોહનમાં સુંદર બેઠક શોભતી, મનોરથ પુરે શ્રી
વ્રજરાયજીવાળો આપજો, રમણ રેતીમાં રાસ મંડળ ચરના

ફરી, મુખીઆજી કહે મને દેજો શ્રી વૃજમાં વાસજો શ્રી. મ ૬
ભેટ બીયા સૌકો કરે, વૈશ્નવ કહે અમને દરશનની બહુ
આશજો, નીત પ્રત દરશન થાય છે બહુ શોભીતા, એવી
રીતે કહે છે હરીના દાસજો. શ્રી મદન. ૭

पद १४ मुं.

વારી વારી શ્રી ગોકુલનાથ તમારા લટકાને,
વારી વારી શ્રી મદન મોહનલાલ, તમારા લટકાને, (ટેવાર).
લટકે શ્રી કચ્છમાંડવી ગામ વસાવીઉ, તે માંડવીના ધન ભાગરે,
સૌ વૈશ્નવને દરશન આપો, ચૌદ ભોવનના રાજ. તમારા. ૧
પીળા પીતાંબર જરકશી ધારી, ઓઢવા ઉપરણા સારરે,
કેશકેરા તીલક બીરાજે, શીરપર કેશરી પાગ. તમારા. ૨
કંઠે સોહએ દુગદુગીને હીરા કંઠી અતી સારીરે,
વળી મોતીઓની માળા બીરાજે, કુંડળ ઝળકે છે કાન, તમા. ૩
સુંદર હેમ નાકમાં બીરાજે, ને પોચી છે રતન જડાવરે,
બાંહે બાજુબંધ બેરખા બીરાજે, એવા વાલાને શણગાર. તમા.૪
શ્રી મદન મોહનજી આપે બીરાજે, શ્રી સ્વામીની જોડરે;
શ્રી નવ નીત પીઆજી જોગે પાસ બીરાજે, વૈશ્નવના ધન્ય ભાગ્યત.૫
શ્રી મદન મોહનજીનો મહીમા છે ભારીને, નીત નવા દરશન આપેરે,
લટકે મુખીઆજી આરતી ઉતારે, ને સેવકને સુખ આપે. ત. ૬

પદ ૧૮ મું.

રાગ— શ્રી ગોકુળ ગામ સોહામણુંરે, રૂડું જમુનાંનું તીર.
ગીરધર ગાએ ચરવતાં, સંગે હળધર વીર.

મીઠડા શ્રી મદન મોહન લાલજી, મળ્યા મારગ માંહે,
સૌ સુખ આપો સેજમાં, મનડા હરખે ભરાએ. મીઠડા. ૧
મનડું તે મારૂં મોહી રહ્યુંરે, પુરવ જનમનીરે પ્રીત,
સોભા તે શી કહું શ્યામની, નીત નીત નવલી રીત. મીઠડા. ૨
વાંકી પાગે વરણાગીઓરે, વાંકી ચાલે છે ચાલ,
વાંકા તે નયણાં સોહામણાં, વાંકી વેણુ રસાલ. મીઠડા૦ ૩
નયણાં તમારા શ્રી મદન મોહનજીરે, કેમ કરી કરૂંરે વખાણ,
શુધ ન રહીરે શરીરની, માનુની મુકે છે માન. મીઠડા. ૪
શ્રી જમુનાજીમાં જીલતારે, તુટયો નવસર હાર,
મોતી તે સઘળા વેરાઈ ગયા, હીરલો લીધો છે હાથ. મીઠડા. ૫
મનડું તે મારૂં મોહી રહ્યુંરે, દેખી જુગલ જોડીની ચાલ,
ધન ગોવીંદ પ્રભુએ મલ્યા, પામ્યા મોટા હુલાસ. મીઠડા. ૬

પદ ૧૯ મું.

રાગ—શ્રી વલભજી કરૂં વીનતીરે મારા.

શ્રી મદનમોહનજીને ચરણે હું નમું, પ્રથમ લાગુ છુંપાય,
દીન જાણીને કરૂણા કરો, રાખો ચરણની છાંય. શ્રી મદન. ૧
શેવા સમરણમાં નથી જાણતોરે, નથી જાણતો કાંઈ ધરમ,

વીખ વાસનામાં વળગી રહ્યો, એવુ અનુચીત કરમ. શ્રી મ. ૨
આમ સરખાં અધમને ઓધારવા હોજી રે, પ્રભુ તમે કીધોછે શ્રમ
બ્રમેદાન દેવાને કારણે, પ્રગટયા પુરણ બ્રહ્મ. શ્રી મદન. ૩
ઈચ્છા કરીને હરી અવતર્યારે, કરવા દૈવીની સાર,
માહા ઉધાર કરૂણા નીધી, શ્રી મહા પ્રભુ અવતાર.શ્રી મદન. ૪
નામ આપીને નીરમળ કર્યા હોજીરે, કરવા બ્રહ્મ સંબંધ,
તોએ તમને નથી જાણતો. એતો થઈ બેઠો અંધ. શ્રી મદન. ૫
કાળ કરમમાંથી કાઢીયા હોજીરે, મોટો જમનો ત્રાસ,
જેજન શરણે આવીઆ, રાખો દ્રઢ વીસવાસ. શ્રી મદન. ૬
તમે તો તમારા બીરદ પાડશો હોજીરે, કરવા જનનો ઓધાર,
દોશ ન વિચારશો જીવનો, તેનો નહી આવે પાર. શ્રી મદન. ૭
દાશના દાસની વીનતી હોજીરે, પ્રભૂ તમે ધરજો કાંન,
દુષ્ટબુદ્ધી હમારી દૂર કરો, ગાઉ તમારા ગુણગાંન. શ્રી મદન. ૮

આગ શ્રી લાલગણીજીની હવેલીના શ્રી ઠાકૂરજી
બાળકૃષ્ણજીના પદ લખ્યા છે.

પદ ૧૭ મું.

રાગ—શ્રી વલ્લભનેરે, પ્રથમને પાગે લાગુ શ્રી કૃષ્ણનામ પ્રગટયુરે

શ્રીબાળકૃષ્ણ હરીજીરે તમને તો શું કહીએ, પ્રાણજીવન છોરે જે
મ રાખો તેમ રહીએ. ટેક. ૧
આશ તમારીરે મોહોટી વાંછા અમને, છળ નવ દેશોરે

આરજ કરૂંછું તમને. શ્રી બાળ. ૨
દયા કરીનેરે દરશન આગને દેજો, શ્રી બાળકૃષ્ણ લાલજીરે
જીવને શરણે લેજો, શ્રી બાળ. ૩
શ્રી વલભ કુળ પ્રગટયારે, અનેક જીવને તાર્યા,
કોઈ જનમનારે પ્રભુ ગારગથીરે ઉગાર્યા. શ્રી બાળ. ૪
એ વીસવાસેરે અમો રહ્યા છીએ વળગા,
પાલવ નહી મુકુરે કેમ કરી કરશો અળગા. શ્રી બાળ. ૫
જે પોતાના કીધારે તે મુકયા કેમ જાશે,
બીરદ તમારારે ભગત વન્છળ કહેવાસે. શ્રી બાળ. ૬
જીવના દોશ કેતાં પાર નહી આવે,
અધોર કળીમાંરે પ્રભુ તમ વીણ કોણ છોડાવે. શ્રી બાળ. ૭
પ્રદેશ પધારોરે દાસલડાને કાજ,
રીત ચલાવોરે શ્રી વીઠલનાથજી મહારાજ. શ્રી બાળ. ૮
કૃત્ય હમારાંરે વાહાલા જો ચીત ધરશો,
જીવ આથડાશેરે એવું ના કરશો. શ્રી બાળ. ૯
પુરણ પરશોતમરે પ્રભુજી તમે કહાવો,
અમારાં સરવસરે તમ સાથે છેદાવો. શ્રી બાળ. ૧૦
શીક્ષા અમનેરે જે ઘટે તે દેજો,
શ્રી વિઠલનાથજીરે, જીવને શરણે લેજો. શ્રી બાળ. ૧૧
દાસની વીનતીરે પ્રભુ હૈયામાં લઈએ,
શ્રી વીઠલવર મહારાજે તમને તો શું કહીએ. શ્રી બાળ. ૧૨

પદ ૧૮ મું.

રાગ—દેખો દાકુજી માહારાજ એસા બંકા.

દેખો બાળકૃષ્ણ લાલ એસા બંકા,
જાકે તીન લોકમે બાજે ડંકા, દેખો. ૧
માંડવીમાં તો નીત રાજધાની ભક્તકે સુખ દાતા,
જાકે તીન લોકમે બાજે ડંકા. દેખો. ૨
હાથી ઘોડા મેના પાલખી, રથનકી અસ્વારી;
જાકે તીન લોકમે બાજે ડંકા દેખો. ૩
છત્રપતીકા રાજા કહેવાએ, સો સરદ પુનમ કેરા ચંદા,
જાકે તીનલોકમે બાજે ડંકા. દેખો. ૪

અથ શ્રી કૃષ્ણ ભગવાનનાં કીરતન લખ્યાં છે.

પદ ૧૯ મું.

રાગ—પ્રસીધ.

હે સખી શ્રી કૃષ્ણ મને મારગમાં મળ્યા,
મારગમાં મળ્યા કે મુને રાસમાં મળ્યા. હે સખી. ૧
શીશ સોહ્યે મારે મુગટ મોતીએ જડયા,
કાને કુંડળ રવી સસી જોતમાં જડયા. હે સખી. ૨
નાસીકાના મોતી અધર રૂપમાં મળ્યા,
નીરખી રૂપ બહુ અનુપ ચીત જુ ઠરયા. હે સખી. ૩
ખલક ઉપર તીલક ભાલ કેશરી ધર્યા,
ભ્રકુટી કમાન નેન રંગસે ભર્યા. હે સખી. ૪
કંઠે મુગતમાલ બનમાલ ઝુમરયા,

ચરણે સોહાગે ઝાંઝરીને રતન શું જડ્યા. હે સખી. ૫
કટી કાછની પીતાંબર પ્રભુએ કેડમાં ધર્યા,
મુરલીના શબ્દ શુણી ચીતને હર્યા. હે સખી. ૬
મુખે વાએ રૂડી વાંસળી ચીત જુ હર્યા,
શબ્દ શુણી તાન ગાન ધ્યાન જુ ધર્યા. હે સખી. ૭
શુણી ગોપીકા અપાર જુથેજુથ ગળ્યા,
મુખે ગાએ રૂડા છંદ ગીત રંગસુ ભર્યા. હે સખી. ૮
વાજે તાલ મ્રદંગ ચંદ બેન જુ બજ્યા,
કરી રાસ વીલાસ કોટી કામ જુ લજ્યા. હે સખી. ૯
સુરીનર મુનીજન ધ્યાનં જુ ધર્યા,
શેષ સહસ્ત્ર મુખે નામ ઓચર્યા. હે સખી. ૧૦
ચડયા દેવતા વીમાન પુષ્પ વૃષ્ટિ જુ કર્યા.
નીરખી દાસના દાસ શોભા જોઇ હરખ્યા. હે સખી ૧૧

પદ ૨૦ મું.

શ્રી કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કહોરે મંન મેરે, કોટી જન્મ કષ્ટ પાપ
ક્ષણુમાં જાયે તેરે, શ્રી કૃષ્ણ. ૧

જગત બાવરે કે સંગ બાવરો ક્યાં હોઅરે, હરીકા ચરણા-રવીંદ પ્રભુ કા ચરણારવીંદ નીશદીન તુ હેરે. વાર વાર કહેત હો ઐ સુનત નાઈ બેરે, કહેત હે ગોવીંદ સદા આનંદમે રહોરે. સમરો શ્રી ગોપાળ વાકુ કહા કરેગો કાળરે, છોડદે કુસંગ સંગ કરલે સંત સંગ લે. છોડદે કુચાલ ચાલ સમરો શ્રી ગોપાળરે, ભવસાગરમેં ભયોજાત દ્રઢ કરી ભુજ

પ્રભુરે. દીનબંધુ ભગતવત્સલ દાસનું સ્નેહીરે, મેરે શ્રી ગો-પાળલાલ આંખનકે તારે. મોર મુગટ કાને કુંડળ પીતાંબર ધારે. શંખ ચક્ર ગદા પદ્મ આયુધ બળ ભારે, એ છબી નીરખી પ્રાણ કરશનદાસ વારે. મેરે શ્રી ગોપાળ લાલ આ મનકે તારે, પ્રભુ જગતકે આધારે. શ્રી કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ.

પદ ૨૧ મું.

શ્રી બેટ સંખોધારવાળા શ્રી દ્વારકાનાથજી તથા શ્રી ત્રીકમજી

ની પોઢતી વખતે સ્તુતી અવસ્ય છે તે લખી છે.

શ્રી ત્રીકમજીના મંદીર પાસે રાગ લલીતમાં બોલાય છે રાત્રે.

હર વીશે દયા દાકુજી કરો, સકળ લોકના શોકને હરો;
પ્રભુ અનાથના નાથ છો તમે, સુરમુની સદા આપને નમે.
નહી તમો સમો કો કમાનીથી, સકળ શાસ્ત્રમાં સાંભળો બીધી,
કર વીશે તમે ધરણીને ધરી, અસુર મારીને આપદા હરી.
સકળ વીરના વીર છો હરી, બળની હાનીને રેવતી વરી,
પતીત પાવની મુરતી આપની, જગતની વ્યથા કાપવા બની.
ભરી કળા કૃપા કોટથી ઘણી, અધીક શાન્તી કાન્તી તમો તણી.
બહદી મનોહારની છબી હારની છબી, વરણવી શકે કો કવી.
કમળની કળા નેત્રમાં રીલી, ભમરની અણી વાંકમાં વળી,
હરી તમારી જે માનતા કરે, સકળ કામના તેમની સરે.
ભર સમુદ્રમાં નાવ જે ફરે, તમ પ્રતાપથી બુડતાં તરે,
સ્વજન સંતના અંતરે રમો, કુટીલ દુષ્ટને સર્વદા દમો.
જે રણમાં સદા રાખીએ ઓલી, ચરણ સેવના આપીએ અતી.

પ્રભુ કૃપા કરી પાપ કાપીએ, ચરણ પદમની ભગતી આપીએ.
સમજીએ અમો આપને ધણી, તગ તણું માહા આશરો આણી
શેન મંદીરે પોઢીએ હરી, જગત સરવની આપદા હરી.
કરી કરી વીનતી નરોતમે, ઉર વીશે ધરો શેનના સમે.
ભવ તણા માહા પાપ કાપજો, સમીપમાં સદા વાસ આપજો.

દોહરો.

આઠ દિશાના રણુછોડ, વીનવે વારંવાર,
શૈન મંદીરે પોઢીએ, શ્રી ત્રીકમ જગદાધાર.

પદ ૨૨ મું.

શ્રી દ્વારકાનાથજી બેટવાળા પોઢતી વખતે બેટમાં ગવાય છે એ પદના પ્રસિધ કરતા ગોસ્વામી શ્રીમદ નરસીંહ લાલજી વેરાવળવાળાના લાલજી શ્રી ગોવરધનલાલજીએ પ્રગટ કરેલા છે.

રાગ—મુજ પ્રાણથી પ્યારા.

શ્રી દ્વારકાપતી મુજ આપો સુમતી,
દાસ આપનાની પ્રભુ કરજો શુભ ગતી. ટેક. ૧
ભક્ત તણા પ્રતીપાળ છો, ને દ્વારામતી નાથશ;
કાપો સરવે કષ્ટ માહારૂં, કહુ છું નામી શીશ. શ્રી. ૨
શરણાગત છું ભગત આપણો, લેશો મુજ સંભાળ,
કૃપા કરી હરી તારી મુજને, કાપો જમ જંજાળ શ્રી. ૩
નહી આશરો આહા મુજને, આવર સુણી જગનાથ,
લેઈ શરણે મુજ સુમતી કરજો, વીનવું જોડી હાથ. શ્રી. ૪
કેહેને કુંજા હે હરી મુજને, હવે કરો પાવન,

ક્ષમા કરી સો દોષ મ્હારા, દીજો ભગતીમાં મન શ્રી.૫
શ્રી દ્વારામતીના ઈશ છો, પ્રભુ હે જગ પાલણહાર,
પોઢે રૂકમણી સાથમાંએ, પ્રાણ તણા આધાર. શ્રી. ૬

હવે શ્રી દ્વારકાનાથજી તથા શ્રી ત્રીકમજી પોઢી ગયા પછી શ્રી હનગાનજી પાસે સ્તુતી રાત્રે દશ વાગે બોલાય છે તે લખી છે.

પદ ૨૩ મું.

શ્રી. હનગાનજીની સ્તુતી બેટવાળાની લખી છે. રાગ.

અંજની કુમાર પવન સુત મેરી, અરજ રામજી શું કહીઓજી.ટેક.
ભવસાગરમે બહો જાત હું, લાલબાએ પકડમોએ રખીઓજી.અં
જગકો ડંડ સબન કે ઉપર, વાહસુ મોએ બચૈઓજી. અંજની
જાકે દરશ પરસ અગનાશી, વાહસુમોએ મીલઇઓજી. અંજની.
તુલસીદાસ પ્રભુ શરણેઆએ, ચરણકમળ ચીત રખીઓ. અં.

પદ ૨૪ મું.

શ્રી હનગાનજીની સ્તુતી બીજી રાગ–ધીરવીર.

ધીરવીર હનુમાન મહા બળી, અંજનીનંદન નામીરે. ટેક. ૧
વાજ ડંડ વાજીત્ર વાજકો, પ્રીતધર પાવન ધામીરે. ધીરવીર. ૨
પોઢે સુંદર સેજ પ્રેમશુ, દ્વારામતીકો સ્વામીરે;
સુખસે ત્રીકમલાલ બાંકડો, પોઢે પુરણ કામીરે. ધીરવીર. ૩
પુરવ ચોકી દેવ સબનકી, પશ્ચિમ રતન તારકીરે;
ઉત્તર ચોકી કાલીરે નાગકી, દક્ષણ ચક્ર સુદાગકીરે. ધીરવીર. ૪
દાસ નરોતમ કેરી વીનતી, કરીઓ મસ્તક નામીરે. ધીરવીર. ૫

પદ ૨૬ મું.

અથ શ્રીમદ આચાર્યજી મહાપ્રભુ પૃથ્વી પ્રદક્ષણા કરવા પધાર્યા ત્યાં ચોરાશી બેઠકો મુખ્ય સ્થાપી તેના નામ લખ્યાં છે.

(૧) શ્રી ગોવીંદઘાટકે ઉપર. (૨) શ્રી દ્વારકાનાથજી કે મંદીરમે (૩) ત્રીજી બેઠક શેજા મંદીરમે શ્રી દ્વારકાનાથજી કે મંદીર કે પાસ. (૪) વૃંદાવનમે બંશીવટ પાસ. (૫) શ્રી મથુરાંજીમે વીસરામઘાટકે (૬) મધુવનમે શ્રી કુંડ કે ઉપર. (૭) તાલવનમે. (૮) ખોહેલા વનમે. (૯) શ્રી રાધાકૃષ્ણ કુંડપે. (૧૦) શ્રી માનસી ગંગા. (૧૧) પરાસોલીએ. (૧૨) સાધુપાંડેકે ઘરમે. (૧૩) શ્રી ગોવીંદ કુંડપે (૧૪) સુંદર શીલાપે. (૧૫) શ્રી ગીરીરાજકે મંદીરપે. (૧૬) કામવનમે સુરભી કુંડકે ઉપર. (૧૭) શ્રી ગેવર વનમે કૃષ્ણ કુંડપે (૧૮) શંકેતમે. (૧૯) શ્રી નંદગામમે પાનસરોવર. (૨૦) કોકીલા વનમે. (૨૧) ભાંડીર વનમે. (૨૨) માનસરોવરકે ઉપર (૨૩) શોરમજીમે સોરોંઘાટ. (૨૪) ચીત્રકુટમે.

હવે બહારની બેઠકો.

(૨૫) શ્રી અજોધ્યામે. (૨૬) નેમીશા રનમે (૨૭) કાશીમે પરસોતમદાસકે ઘરે. (૨૮) હનગાનઘાટ કાશીમે. (૨૯) હરીહર ક્ષેત્ર ભગવાનદાસકે ઘરમે. (૩૦) જનકપુરમે. (૩૧) શ્રી ગંગાસાગરમે. (૩૨) ચાંપાપુરમે માણેક તળાવકે ઉપર. (પ્રાગટ ભયો) (૩૩) છઠી પુજન આરતી કીની હે. (૩૪) પુરશોતમ ક્ષેત્રમે ઉત્તર દરવાજે. (૩૫) શ્રી પંઢરપુરમે ભી-

કેસનાથજીમે. (૩૬) નાશીકમે પંચવટીકે તીર. (૩૭) શ્રી પના નરશીંગજીમે (૩૮) શ્રી લક્ષ્મણબાળાજીમે (૩૯) શ્રી-રંગજીએ કાવરી કીનારે (૪૦) વીરનુકાશીએ કસુબી નદી. (૪૧) સેતબંદર રામેશ્વર (૪૨) ગળીયાચલ પરવત ઉપર. (૪૩) સોહાગઢ–જાકુગોવા કહેતહે (૪૪) તામ્રપરણ નદી કે તીરપે (૪૫) કૃષ્ણાનદીકે તીરપે (૪૬) પંપાસરોવરમે (૪૭) શ્રી પદ્મનાથજીમે (૪૮) શ્રીજનારજીમે (૪૯) બીધાનગરમે (૫૦) ત્રસોકા ભાવતમે (૫૧) તોતાદ્રી પરવતપે. (૫૨)દર-વશોનજીમે (૫૩) સુરતમે તાપી કીનારે (૫૪) ભરૂચમે નર્મદા કીનારે (૫૫) મોરબીને નદીકે તીરપે (૫૬) નવાનગરમે નદીપે (૫૭) ખંભાળીઆમે (૫૮) પીંડતારકમે બેટમે પીંડારે (૫૯) શ્રી મુળ ગોગતીમે (૬૦) દ્વારકામે ગોગતી તીરપે. (૬૧) શ્રી ગોપીતલૈયાપે (૬૨) શ્રી બેટશંખતલૈયાપે (૬૩) શ્રી નારાયણ સરોવરમે (૬૪) જુનાગઢમે રેવની કુંડ (૬૫) પ્રભાસ ક્ષેત્રમે (૬૬) માધોપુરમે (૬૭) પ્રાગરાજમે ગુપત (૬૮) ત્રગડીમે (૬૯) નરોડામે (૭૦) ગોધરામે રાણા વ્યાસ. (૭૧) ખીરાલુમે જગનનાથજી જોશીકે ઘરે. (૭૨) શીદ્ધપુર પાટણમે (૭૩) અગનીકાપુરી પીંપર નીચે (૭૪) પુસકરજીમે (૭૫) કુળક્ષેત્રમે (૭૬) શ્રી હરદ્વારમે. (૭૭) બાદ્રિકા આશ્રમમે (૭૮) કેદારનાથમે (૭૯) વ્યાસ આશ્રમમે (૮૦) હેમાચળ પરવતમે (૮૧) વ્યાસ ગંગાજીકે તીરપે. (૮૨) સુદ્રાચળ પરવતપે (૮૩) અડેલમે. (૮૪) શ્રી ચરનાટપે.

એ ચોરાશી બેઠકના નામે જે માણસ ભાઈબાઈ સ-ચાઈથી શુભ મનથી દરરોજ નામ લેશે તેને અશ્વમેધ જ-ગનના જેટલો ફળ થાશે એવું મોટાઓ કહી ગયા છે.

દોહરો.

વાંચો સરવે પ્રીતથી, પુસ્તકમાં છે સાર;
જે જન વાંચે હેતથી, ઉતરશે ભવ પાર.

સમાપ્ત.

આ પુસ્તક નિચે લખેલા ઠેકાણેથી રોકડી કીંમતે મળશે.

શ્રી લક્ષ્મીનારાયણના મંદીરમાં મુંગલીઓ પાસેથી. શ્રી માંડવીની મોટી હવેલી પાસે જોશી બાણુજી ખીમજી પાસેથી તથા કચ્છ માંડવીમાં અમારે ઘેરથી જાત જાતના પુસ્તક મળે છે. જેઓને વધારે નકલો લેવી હોય તેઓએ નીચે લખેલા ઠેકાણે પત્ર મોકલશો તો ફાયદો થશે.

અમારી પાસે વેચાતાં પુસ્તક મળશે તેનાં નામ.

શ્રી પુષ્ટી મારગના ધર્મનાં પુસ્તકો જેવા જોઈશે તેવા

વૈશ્નવ બસો બાવનની વારતા કીમત રૂ ૬.

શ્રી હરીરાયજી કૃત મોટા શીક્ષા પત્ર કીમત રૂ ૪ાા

બારરાશી ઠાકુરદાસ સુરદાસના કરેલા ભાગ ૩ રૂ ૧૧

બાવીસ ગ્રંથના ગુટકા કીમત કોરી ૦ાા

શ્રી લક્ષ્મીનારાયણ ગીતાવળીના ભાગ બે મળશે. તે ઉપરાંત પણ જેઓને જેવાં પુસ્તકો ધરમ બાબતના જોઈશે તેઓને દેશાવરથી મંગાવી આપવામાં આવશે. અમારો ધંધો નથી પણ યાદદાસ્તી વાસ્તે ભાઈઓનું કામ બજાવી દેઇશુ.

કચ્છમાંડવી.

હા. ત્રીકમદાસ ભીમજી.

ઠા. રંગપુરી પાદશાહની હવેલી સામે.